પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૯૭, કુલ પાના:૪, તારીખ: ૧૦-૦૮-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 297 PRICE :-RS. 1.50 DATE : 10-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ના-ના કરતો આખો વિપક્ષ મોદી સરકારમાં ભળી ગયો..!

# OBC બિલ વિપક્ષના સમર્થન સાથે લોકસભામાં પાસ

ન્યુ દિલ્હી,

સંસદનું ચોમાસુ સત્ર હવે સમાપ્ત થવાને આરે છે, પરંતુ તેની શરૂઆતથી જ ગૃહની કાર્યવાહીમાં દરરોજ હંગામો મચાવીને કોઈપણ ભોગે સંસદને ન ચાલવા દેવાના વિપક્ષના વર્તનમાં આજે અચાનક ચમત્કારિક ફેરફાર જોવા મળ્યો અને કેમ ન હોય આખરે વાત જ એવી છે જેમાં દરેક પક્ષ હાથ નીચા કરી દે. આજે સંસદમાં જ્યારે OBC બિલ રજૂ કરવામાં આવ્યું તો વિપક્ષના તમામ પક્ષો પણ ઓબીસી અનામત બિલ પર સરકારના સૂરમાં સૂર પૂરાવવા લાગ્ય



હતા. જો કે, વિપક્ષના આ પગલાની પહેલાથી જ આશા હતી કારણ કે વિપક્ષ ઈચ્છતો નહોતો કે આ બિલ તેના હંગામાને કારણે રજૂ ન થાય. કારણ આ બિલની સીધી અસર વોટબેંક પર પડી શકે છે. હવે આ બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે.

લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ બિલ રજૂ થયા બાદ કહ્યું કે ગૃહનો એક જવાબદાર પક્ષ હોવાને કારણે અમે અમારી જવાબદારી જાણીએ છીએ. આ માટે તમામ વિપક્ષી પાર્ટીઓએ નક્કી કર્યું છે કે અમે અનામત સંબંધિત ૧૨૭ મા બંધારણીય સુધારા બિલને ટેકો આપીએ છીએ. અધીર રંજન ચૌધરીએ કહ્યું કે આ બહુમતીના બાહુબલી છે, તેમણે અમારી વાત સાંભળી નહીં. અમે સરકારને રાજ્યોના અધિકારોનું ઉલ્લંઘન ન કરવા ચેતવણી આપી હતી. આજે ભારતમાં સરકાર આંદોલન અને પછાત વર્ગના ગુસ્સાના ભયમાં સરકાર સમય પસાર કરી રહી છે.

કેન્દ્ર સરકારે આજે લોકસભામાં ઓબીસી અનામત સંબંધિત મહત્વનું બિલ રજૂ કર્યું હતું. આ બિલ પસાર થયા બાદ હવે રાજ્યોને પોતાની ઓબીસી યાદી બનાવવાનો અધિકાર મળશે. ૧૨૭ મા બંધારણીય સુધારા બિલ દ્વારા રાજ્યોને તેમના અનુસાર ઓબીસી યાદી તૈયાર કરવાનો અધિકાર હશે.

તેમજ, કોંગ્રેસ સહિત ૧૫ મોટા વિરોધ પક્ષોએ આ બિલ રજૂ કરતા પહેલા આ બાબતે ચર્ચા બેઠક કરી હતી. આજે યોજાયેલી આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે અન્ય પછાત વર્ગને લગતા સુધારાઓ બિલને પાસ કરવામાં વિપક્ષ સંપૂર્ણ ટેકો આપશે. બેઠક બાદ રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે બધા આ સુધારા બિલને ટેકો આપીશું.

ખડગેએ કહ્યું કે અન્ય મુદ્દાઓ તેમની જગ્યા ધરાવે છે, પરંતુ આ મુદ્દો દેશના હિતમાં છે કારણ કે દેશની અડધીથી વધુ વસ્તી સાથે સંબંધિત છે આ બિ. અમે તેને સંપૂર્ણ સમર્થન આપીશું. હવે ૧૨૭ મા સુધારા વિધેયકની કલમ 342A (૩) ના અમલ પછી, રાજ્ય સરકારોને પોતાની રીતે OBC યાદી તૈયાર કરવાની સ્વતંત્રતા મળશે.

### ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું: શ્રાવણના પ્રથમ સોમવારે ગોઝારો અકસ્માત

# સાવરકુંડલામાં ઝૂંપડીમાં સૂતેલા આઠ મજૂરો પર ટ્રક કાળ બનીને ત્રાટકી

અમદાવાદ,

સાવરકુંડલા તાલુકાનાં બાઢડા ગામ પાસે રવિવારે મોડી રાતે આશરે ત્રણ વાગ્યાની આસપાસ ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં રોડની બાજુમાં ઝૂંપડા બાંધીને સૂતા પરિવાર પર બેકાબૂ ટ્રક ચડી જતા આઠ લોકોનાં મોત નીપજ્યા છે. આ સાથે ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે અને ૧૨ લોકોને નાની મોટી ઈજા થઈ છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા મામલતદાર સહિતનાં અધિકારીઓ તથા પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે મહુવા તરફ ટ્રક જતો હતો. ત્યારે ડ્રાઈવરે કાબુ ગુમાવતા ટ્રક સાઈડ ડિવાઈડર કુદાવી પાસે આવેલા ૧૦ ફુટનાં ખાડામાં ઝૂંપડાઓ તરફ ધસી ગયો હતો. જેમાં રસ્તાની સાઈડમાં ઝૂંપડા બાંધી ઊંઘી રહેલા લોકો માથે ટ્રક ચડી જતા ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. જ્યારે અન્ય કેટલાક લોકો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૨ લોકોને નાની મોટી ઈજાઓ થઈ છે. આ ઘટનાની જાણ થતા જ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામને સાવરકુંડલા સિવિલ



હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સાવરકુંડલા પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી ટ્રક ડ્રાઈવર પરમાર પ્રવિણભાઈ દેવાભાઈ(રહે. રાજકોટ)ની ધરપકડ કરી છે. સાવરકુંડલના ડીવાયએસપી કે.જે. ચૌધરીએ સમગ્ર ઘટના અંગે વિગત આપતાં કહ્યું કે રાજકોટથી જાફરાબાદ જઈ રહેલું એક કન્ટેનર રોંગસાઈડમાં ધસી આવ્યું હતું અને રોડની સાઈડમાં ઝૂંપડા બાંધીની સૂતા લોકો પર કન્ટેનર ચઢાવી દીધું હતું. આ ઘટનામાં કુલ સ્થળ પર ૮ વ્યક્તિના મોત થયા છે. જેમાં એક જ પરિવારના પતિ-પત્ની અને તેની દીકરીઓ સહિત કુલ ૮ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. અકસ્માત સર્જીને ડ્રાઈવર ભાગવા જઈ રહ્યો હતો જોકે તાત્કાલિક પકડાઈ ગયો હતો. ડ્રાઈવર વિરુદ્ધ સજ્ઞાત મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે તા.૦૯-૦૮-૨૦૨૧ ના રોજ રાત્રે આશરે ૨:૩૦ કલાક આસપાસ રેલવે ફાટકની નજીક હોટલ દત પાસે આવેલ ઝૂંપડા વિસ્તારમાં ટ્રક (Tata 909 , GJ18-H-9168) ઘૂંસી જતા અકસ્માત થયેલ છે. જેમાં નીચે મુજબના વ્યક્તિઓના મૃત્યુ તથા ઈજા પામેલ છે:

ગુજરાતના મુખ્યમંત્રીએ ટ્વીટ કરી લખ્યું કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલાના બાઢડા ગામ નજીક થયેલા ગમખ્વાર અકસ્માતની ઘટનાથી શોકગ્રસ્ત છું. અકસ્માતનો ભોગ બનેલા લોકોને ત્વરિત અને યોગ્ય મદદ પુરી પાડવા તંત્રને તમામ સૂચનાઓ આપી છે. રાજ્ય સરકાર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક મૃતકોના પરિવારજનોને રૂપિયા ૪ લાખની સહાય આપશે. સાથે જ ઝસ રૂપાણીએ ટ્વીટમાં લખ્યું, કલેકટર અમરેલીને સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસ કરી અહેવાલ મોકલવાનો આદેશ કર્યો છે. પ્રભુ મૃતકોના આત્માને સદ્ગતિ અર્પે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે એ જ પ્રાર્થના.

ૐ શાંતિ...

### મૃતકોનાં નામ

૧.વિરમભાઈ છગનભાઈ રાઠોડ (ઉ.વ. ૩૫).
૨.નરશીભાઈ વસનભાઈ સાંખલા (ઉ.વ. ૬૦).
૩. નવઘણભાઈ વસનભાઈ સાંખલા (ઉ.વ.૬૫).
૪.હેમરાજભાઈ રઘાભાઈ સોલંકી (ઉ.વ. ૩૭).
૫. લક્ષ્મીબેન હેમરાજભાઈ સાખલા (ઉ.વ. ૩૦).
૬. સુકનબેન હેમરાજભાઈ સાખલા (ઉ.વ. ૧૩).
૭. પૂજાબેન હેમરાજભાઈ સાખલા (ઉ.વ ૮).
૮. લાલાભાઈ ઉર્ફે દાદુભાઈ ડાયાભાઈ રાઠોડ (ઉ.વ. ૨૦).

## ચીનની સીમાથી માત્ર ૨૫ કિમી દૂર અપાચે ફાઈટર હેલિકોપ્ટર કરાયું તહેનાત

બેઈજિંગ,

ચીનની સાથે સરહદી તણાવ વચ્ચે, ભારતીય વાયુસેનાના અપાચે લડાઈ હેલિકોપ્ટરએ ચીન સાથેની સીમાથી માત્ર ૨૫ કિલોમીટર દૂર, વિશ્વના સૌથી અદ્યતન ઉતરાણ મેદાનમાંના લદ્દાખમાં તેની ઓપરેશનલ ક્ષમતા દર્શાવી છે. અપાચે ગયા વર્ષે મે-જૂનથી લદ્દાખ ક્ષેત્રમાં કાર્યરત છે. ભારતીય વાયુસેનાના વિશેષ દળોએ લગભગ ૧૩,૫૦૦ ફૂટની ઉંચાઈએ ન્યોમા એડવાન્સ લેન્ડિંગ ગ્રાઉન્ડ પર ચિનૂક હેવી લિફ્ટ હેલિકોપ્ટરથી વિશેષ ઓપરેશન કરવાની ક્ષમતા દર્શાવી હતી.

અપાચે હેલિકોપ્ટરની ડિજિટલ કનેક્ટિવિટી અને અત્યાધુનિક માહિતી સિસ્ટમ તેને ખતરનાક બનાવે છે. આ હેલિકોપ્ટરમાં જે પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે તે દુર્ગમ સ્થળોએ પણ અસરકારક ફાયરપાવર અને સચોટ માહિતી આપે છે. ગાઢ પર્વતીય વિસ્તારોમાં આ સૌથી અસરકારક હેલિકોપ્ટર છે, ચીનની જે ટેકરીઓ અને ખીણોમાં છુપાયેલા દુશ્મનને સરળતાથી શોધી શકે છે અને લક્ષ્યને સચોટ રીતે હિટ કરી શકે છે. તે વિવિધ પ્રકારના મોટા બોમ્બ, બંદૂકો અને મિસાઈલોથી સજ્જ થઈ શકે છે.

ભૂતકાળમાં, ભારત અને ચીને પૂર્વ લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ગોગરા વિસ્તારમાંથી તેમના સૈનિકોને પાછા ખેંચી લીધા છે. બંને દેશોએ ગોગરામાં એલએસીના પેટ્રોલિંગ પોઈન્ટ ૧૭એ માંથી સૈનિકોને પાછા ખેંચવાની સાથે આ આગળના મોરચે બાંધવામાં આવેલા તમામ કામચલાઉ બાંધકામ અને માળખાગત સુવિધાઓને પણ તોડી નાખી છે. છેલ્લા ૧૫ મહિનાથી બંને દેશના સૈનિકો ગોગરાના આ પેટ્રોલિંગ પોઈન્ટ પર મુકાબલાની સ્થિતિમાં હતા.

## ૫ સપ્ટેમ્બરે મુઝફ્ફરનગરમાં કિસાન મહાપંચાયતમાં આરપારની રણનીતિ તૈયાર થશે

ન્યુ દિલ્હી,

ભારતીય કિસાન યૂનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકેતે કહ્યુ કે ઉત્તર પ્રદેશના મુજફ્ફરનગરમાં ૫ સપ્ટેમ્બરે કિસાન મહાપંચાયતમાં આરપારની રણનીતિ તૈયાર થશે. ખેડૂત નેતાએ કેન્દ્ર સરકારને ત્રણ નવા કૃષિ કાયદાને પરત લેવાની માંગ દોહરાવતા કહ્યુ કે આ કૃષિ કાયદા મજૂર અને સામાન્ય લોકોના વિરોધી છે. ટિકેતે કહ્યુ કે ખેડૂતોને બરબાદ કરવા માટે આ કૃષિ કાયદા દેશના ખેડૂતો પર થોપી દેવામાં આવ્યા છે, જેનાથી ખેડૂત પહેલા દેવામાં ડૂબશે, પછી ધીમે ધીમે ખેડૂતો પાસે તેમની જમીન હડપવાનું કામ કરશે. દેશના લોકો ખેડૂત આંદોલન સાથે નહી વૈચારિક ક્રાંતિ સાથે જોડાયેલા રહ્યા છે. રાકેશ ટિકેતે ખેડૂતોને ૫ સપ્ટેમ્બરે મુજફ્ફરનગરમાં યોજાનારી મહાપંચાયતમાં વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવાની અપીલ કરી છે, તેમણે કહ્યુ કે સરકાર માત્ર પશ્ચિમી ઉત્તર પ્રદેશના ખેડૂતોનું આંદોલન બતાવી રહી છે પરંતુ તેમાં ૫૫૦થી વધારે ખેડૂત



સંગઠન જોડાયેલા છે, તેમણે કહ્યુ કે સરકાર આ ભૂલ છોડી દે કે ખેડૂતો થાકીને ઘરે પરત જતા રહેશે. મહત્વપૂર્ણ છે કે રવિવારે ભારતીય કિસાન યૂનિયન (ભાકિયૂ)એ જેવરના સબૌતા અંડરપાસ પાસે એક ખેડૂત મહાપંચાયત કરી હતી. આ મહાપંચાયતમાં જેવર સિવાય બુલંદ શહેર, અલીગઢ, મથુરા સહિત કેટલાક જિલ્લાના લોકો પણ પહોચ્યા હતા. જ્યારે આ દરમિયાન તેમણે ખેડૂતોને મુજફ્ફરનગરમાં ૫ સપ્ટેમ્બરે યોજાનારી મહાપંચાયતમાં ભાગ લેવાની અપીલ કરી છે, જેથી પુરો દમ બતાવીને સરકાર પર દબાણ વધારી શકાય.

# રાજ્યમાં સમયસર ચૂંટણી યોજાશે, યૂપી સાથે કોઈ લેવા-દેવા નથી: રૂપાણી

નર્મદા,

ગુજરાતમાં વિધાનસભાની વહેલી ચૂંટણી મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણીનું મોટું નિવેદન સામે આવ્યું છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, આવી કોઈ શક્યતા નથી. રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ વહેલી યોજાવાની અટકળોનો ખુદ મુખ્યમંત્રીએ છેદ ઉડાવ્યો છે. અમરેલીમાં થયેલા અકસ્માત અંગે મુખ્યમંત્રીએ સંવેદના વ્યક્ત કરી હતી. ગમખ્વાર અકસ્માતમાં આઠ લોકો મૃત્યુ અંગે સંવેદના વ્યક્ત કરી હતી. દુઃખ ઘટના આજે અમરેલી વિસ્તારમાં બની છે. તમામ મૃતકોને ચાર લાખ સહાય અંગે મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી.

આ સાથે વહેલી ચૂંટણી અટકળો પર પુર્ણ વિરામ લાગ્યું છે. રાજ્યના વહેલી ચૂંટણી અંગે મુખ્યમંત્રીએ ખુલાસો કર્યો હતો. મુખ્યમંત્રીએ કહ્યું સમયસર રાજ્યમાં ચૂંટણી યોજાશે. ઉત્તરપ્રદેશ ચૂંટણી સાથે રાજ્યને કોઈ લેવા દેવા નથી. ચૂંટણી ચૂંટણી સમયે જ યોજશે. કોગેસના વિરોધ પ્રદર્શન અંગે મુખ્યમંત્રીએ નિવેદન આપ્યું હતું કે, મુખ્યમંત્રીએ કહ્યું રાજ્ય સરકાર ઉજવણી કરે છે, કોગેસ વિરોધ કરે છે. કોગેસના વિરોધની કોઈએ નોંધ પણ લીધી નથી. આજે વિશ્વ આદિવાસી દિન નિમતે કોગેસ આદિવાસીઓ વિરોધ કરે છે. કોંગેસ વિરોધ ફક્ત મીડિયામાં દેખાઈ રહ્યા છે. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું હતુ કે, શ્રાવણ માસમાં ભક્તો કોવિડના નિયમો પાળે. આજથી શરૂ થતાં શ્રવણમાસની મુખ્યમંત્રીએ પાઠવી શુભેચ્છા. ત્રીજી વેવની સંભાવનાને લઈ નિયમોના પાલન સાથે તહેવારની ઉજવણી માટે અપીલ કરી. તહેવારો શાંતિપૂર્વક ઉજવણી કરવી જોઈએ. બીજી લહેરને આપણે પાર કરી,પરંતુ ત્રીજી લહેર ન આવે તે તકેદારી ખૂબ જ જરૂરી છે. તહેવારો ઉત્સાહ પૂર્વક ઉજવો પરંતુ કોરોના અંગે પણ કાળજી જરૂરી.

ડોકટરોની હડતાળ મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિવેદન આપ્યું હતું કે, અત્યારે કોરોનાના દર્દીઓ નથી. અત્યારે કોરોના નથી તો બોન્ડમાંથી મુક્તિ હોવી જોઈએ. કોરોના નથી તો ડોકટરો એ નિયમોનુંનું પાલન થવું જોઈએ. ડોકટરો હડતાળ પાછી ખેંચવા વિનંતી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી સંત તા. સ.ખ.વે. સંઘ
મુ. માલવણ,
તા. કડાણા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી ઝાલાસંગ દૂધ ઉત્પાદક મંડળી લી.
મુ. ઝાલાસંગ,
તા. કડાણા



દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ ખાતે વિશ્વ આદિવાસી દિનના કાર્યક્રમમાં સહભાગી બનતા ગૃહ રાજયમંત્રી જાડેજા, લાભાર્થીઓને સહાય-લાભોનું વિતરણ

દાહોદ,

રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલને ગુજરાત સરકારમાં નેતૃત્વને પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસર ઉપર આરંભવામાં આવેલા સેવાયજ્ઞના છેલ્લા દિવસ વિશ્વ આદિવાસી દિન નિમિત્તે દાહોદ ખાતે યોજવામાં આવેલા કાર્યક્રમમાં ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહભાગી બન્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં રાજયના આદિવાસી સમાજની અવગણના કરવામાં આવી હતી. તેની સામે હાલમાં રાજય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં કરાયેલા વિકાસ નજરે દેખાય છે. આદિવાસીઓના


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અધિકારો અને સાંસ્કૃતિક અસ્મિતાનું જતન કરવામાં આવ્યું છે.

અહીંના પંડિત દીનદયાલ સભાગૃહમાં યોજાયેલા વિશ્વ આદિવાસી દિવસના કાર્યક્રમમાં જાડેજાએ ઉક્ત સંદર્ભમાં ઉમેર્યું કે, દેશની સ્વતંત્રતા ચળવળમાં અનેક આદિવાસીઓએ પોતાના પ્રાણની આહૂતિ આપી છે અને તેનું આ યોગદાન દેશ ક્યારેય ભૂલી નહીં શકે. તેમણે બિરસા મુંડા, ગોવિંદ ગુરૂના પુણ્ય નામનું સ્મરણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

રાજયના આદિવાસી વિસ્તારમાં કરવામાં આવેલા વિકાસની વિગતો આપતા જાડેજાએ જણાવ્યું કે રાજયના આદિજાતિ ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૫૮૮૪ ગામોના વિકાસ માટે રૂ. એક લાખ કરોડની જોગવાઇ સાથે વનબંધુ કલ્યાણ યોજનાના બીજા ચરણનો પ્રારંભ કરવામાં આવ્યા છે. જેમાં આદિવાસી વિસ્તારોમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય, પાણી, સિંચાઇ, વીજળી, રોજગાર સહિતના ક્ષેત્રોમાં કામ કરવામાં આવશે. આદિવાસી પરિવારોના લાભો સુનિશ્ચિત કરી તેમના અધિકારો અને સાંસ્કૃતિક અસ્મિતાનું જતન કરવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં રાજયના તમામ આદિજાતિ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવામાં આવશે. આ પાંચ વર્ષમાં ૫૦૦ મોબાઇલ ટાવર ઉભા કરવામાં આવશે. વર્ષ ૨૦૧૬થી ૨૦૨૧ સુધીમાં આદિજાતિ વિકાસ પેટા યોજના અંતર્ગત રૂ. ૫૭,૭૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યા છે.

રાજયની ૬૬૧, આશ્રમ શાળાઓ, ૭૪ આદર્શ નિવાસી શાળાઓ, ૪૪ એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ, ૧૨ મોડેલ સ્કૂલ, બે સૈનિક સ્કૂલ કાર્યરત કરવામાં આવી છે. જેના કારણે આદિજાતિ પરિવારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહ્યું છે.

પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે, સમરસ, સરકારી અને અનુદાનિત મળી કુલ ૧૧૦૫ હોસ્ટેલમાં એક લાખથી પણ વધુ બાળકોને રહેવા અને જમવાની સગવડ આપવામાં આવી છે. ઠક્કર બાપાની પ્રેરણાથી શરૂ થયેલી આશ્રમ શાળાઓ માટે બે વર્ષમાં રૂ.૮૦ કરોડની ફાળવણી કરી તેમાં આધુનિકકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આદિવાસી છાત્રોને ઉચ્ચશિક્ષણ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ સારી રીતે કરી શકે એ માટે આર્થિક સહાય સાથે છાત્રવૃત્તિ આપવામાં આવે છે.

ગૃહરાજય મંત્રીએ આ ઉપરાંત આદિજાતિ વિસ્તારમાં પશુપાલન, શિક્ષણ, કૃષિ, વીજળી, સિંચાઇ, માર્ગો, આરોગ્ય માટે રાજય સરકારની વિવિધ યોજનાની સિદ્ધિઓ પણ વર્ણવી હતી.

દાહોદ માર્કેટિંગ યાર્ડના ચેરમેન કનૈયાભાઇ કિશોરીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં દાહોદ જિલ્લામાં રાજય સરકાર દ્વારા કરાયેલા વિકાસ કામોની વિગતો આપી નાગરિકોને કોરોના સામેની રસી લેવા અપીલ કરી હતી. આ વેળાએ રાજપીપળા ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિતિઓ રસપૂર્વક નીહાળ્યું હતું.

જાડેજા સહિતના મહાનુભાવો દ્વારા આદિજાતિ લાભાર્થીઓને તેમને મળવાપાત્ર લાભો અને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જાડેજાએ આ કાર્યક્રમ પૂર્વે બીરસા મુંડાની પ્રતિમાને માલ્યાર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ વેળાએ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, કારોબારી સમિતિના ચેરમેન જીથરાભાઇ ડામોર, સભ્ય સુધીરભાઇ લાલપુરવાળા, પર્વતભાઇ ડામોર, ગૌરીબેન, રમણભાઇ ભાભોર, વરિષ્ઠ અધિકારી પી.એસ.નિનામા, કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, એસપી હિતેશ જોયસર, પ્રાયોજના વહીવટદાર બી. ડી. નિનામા ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ શહેરમાં આવેલ ગૃહમંત્રીને લુણાવાડા ગોલાના પાલ્લા ગામે વૃધ્ધ દંપતિની હત્યાના હત્યારાઓને ઝડપી પાડવા આદેવન

દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ ગુજરાતના ગૃહરાજ્યમંત્રી પધાર્યા હતાં. આ પ્રગંસે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગોલાના પાલ્લા ગામે પંચાલ સમાજના આગેવાન એવા દંપતિની કરપીણ હત્યાના બનાવનો દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ, દાહોદ દ્વારા આ ઘટનાનો ભેદ ઉકેલાય અને હત્યારાઓને પકડી પાડી કડકમાં કડક સજા કરવામાં આવે તેવી લાગણી અને માંગણી સાથેનું એક આવેદનપત્ર ગૃહરાજ્યમંત્રીને સુપ્રત કરવામાં આવ્યું હતું.

સમગ્ર મહીસાગર, પંચમહાલ જિલ્લા સહિત દાહોદ જિલ્લા તેમજ ગુજરાત રાજ્યને હચમચાવી મુકનાર એવી ઘટના મહીસાગરના લુણાવાડા તાલુકાના ગોલાના પાલ્લા ગામે થોડા દિવસો પહેલા બનવા પામી હતી. જેમાં ગોલાના પાલ્લા ગામના વતની અને પંચાલ સમાજના આગેવાન સહિત ભાજપા પાર્ટીમાં સક્રિય એવા અગ્રણી અને નામચીન ત્રિભોવનદાસ પંચાલ અને તેમના ધર્મપત્નિ જશોદાબેનની કોઈક અજાણ્યા હત્યારાઓ દ્વારા કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાના ઉચ્ચસ્તરીય પડઘાઓ પણ પડ્યાં હતાં અને આ મામલે ગાંધીનગરના અધિકારીઓ અને સરકાર દ્વારા આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે અને આરોપીઓને ઝડપી પાડવામાં આવે તેવા સખ્ત આદેશો પણ કરી દેવામાં આવ્યાં છે ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં પધારેલ ગુજરાત રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાને દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ, દાહોદ દ્વારા આ મામલે એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું જેમાં જણાવ્યાં અનુસાર, ત્રિભોવનદાસ અને તેમના ધર્મ પત્નિ જશોદાબેનની કરપીણ હત્યાની આ અમાનવીય કૃત્યને દાહોદના પંચાલ સમાજના લોકો સખત શબ્દોમાં વખોડી કાઢે છે. આ હત્યાવી ન્યાયીક અને તટસ્થ તપાસ કરાવી ગુનાનો ભેદ ઉકેલાય અને આરોપીઆને પકડી પાડી કડકમાં કડક સજા થાય તેવી લાગણી અને માંગણી સાથે ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાને દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ, દાહોદ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## દાહોદ પોલીસ અને સ્માર્ટ સિટીના CCTV કેમેરા એક લિંકથી જોડાશે

દાહોદ,

દાહોદ નગરની એક દિવસની મુલાકાતે આવી પહોંચેલા ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જિલ્લા પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી અને જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિની માહિતી મેળવી હતી. આ બેઠકમાં તેમણે સ્થાનિક પોલીસ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, દાહોદ ઇન્દોર હાઇવે ઉપર લૂંટની ઘટનાઓ નિવારવા માટે પોલીસ સહાયતા કેન્દ્ર સફળ રહ્યા છે. દાહોદ પોલીસે આવી લૂંટની ભૂતકાળની ઘટનાઓ ધ્યાને રાખીને પોલીસ સહાયતા કેન્દ્ર બનાવ્યા છે. જેના કારણે ગત્ત વર્ષે હાઇવે રોબરીની એક પણ ઘટના બની નથી.

દાહોદ નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા માટે સીસીટીવીનું નેટવર્ક વધારવાનું આયોજન છે. આ માટે દાહોદ પોલીસના નેત્રમ પ્રોજેક્ટ ઉપરાંત સ્માર્ટ સિટીના કેમેરાને એક લિંકથી જોડવા માટે કાર્યવાહી હાથ ધરવા આ બેઠકમાં સૂચના આપવામાં આવી છે. દાહોદમાં કેમેરાનું નેટવર્ક એક થતાં સુરક્ષાલક્ષી નિગરાની વધુ સારી રીતે કરી શકાશે. દાહોદમાં પોલીસ અને સ્માર્ટ સિટીના ૬૦૦ જેટલા કેમેરા કાર્યરત છે.

જાડેજાએ એમ પણ કહ્યું કે દાહોદ જિલ્લામાં પીપલોદ પોલીસ સ્ટેશન કાર્યરત થતાં ગ્રામીણ વિસ્તારમાં ચાકલિયા બાદ ટૂંક સમયમાં આ બીજું પોલીસ સ્ટેશન છે. લીમખેડા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સારી થશે.

દાહોદ જિલ્લાના પોલીસ સ્ટેશન સ્વચ્છ અને સુંદર બને તે માટે સ્ટેશન ખાતે રહેલા ભંગારનો ત્વરિત નિકાલ કરવા ઉપરાંત પોલીસ દ્વારા પડકાયેલા દારૂના જથ્થાનો પણ નિયમોનુસારની કાર્યવાહી ઝડપથી કરી નાશ કરવા તેમણે સૂચના આપી છે. પશુ અત્યાર નિવારણ માટે એક ફૂલપ્રુફ પ્લાન બનાવવા માટે તેમણે દાહોદ પોલીસને જણાવ્યું હતું.

તેમણે પોલીસ અધિકારીઓને સૂચના આપી છે કે દાહોદ જિલ્લામાં નોંધાતા ચોરી અને ઘરફોડ ચોરીના ગુનાના મૂળ સુધી જઇ તેના આરોપીને નશ્યત કરવા જોઇએ. આ ઉપરાંત, હાઇવે ઉપર થતાં અકસ્માતો નિવારવા માટે ટ્રાફિક પોલીસને સક્રીયતાથી કામે લગાડવા તેમણે જણાવ્યું હતું. મહિલાઓ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વિરૂધ્ધ થતાં અત્યારો અંગે સામાજિક આગેવાનોને સાથે રાખીને જનજાગૃતિ અભિયાન ચલાવવાનું પ્રેરક સૂચન પણ તેમણે કર્યું હતું.

જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા અંગેનું વિગતવાર પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. જાડેજાએ દાહોદ પોલીસના કાઇમ ડિટેકશન રેશિયાની પ્રશંસા કરી હતી. સાથે તેમણે કોરોનાની ત્રીજી લહેર સામે જિલ્લામાં આરોગ્યલક્ષી તૈયારીની વિગતો મેળવી હતી અને તેની સમીક્ષા કરી હતી.

દાહોદ પોલીસમાં ઉમદા કામગીરી કરનારા પોલીસ નિરીક્ષક ભાવિક શાહ તથા એચ. પી. કરેણનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં સાંસદ જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય રમેશભાઇ કટારા અને શૈલેષભાઇ ભાભોર, જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, અગ્રણી શંકરભાઇ અમલિયાર, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર ઉપરાંત નાયબ પોલીસ અધિક્ષકઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીયાની પરણિતાને અપહરણ કરી કોઈક સ્થળે ગોંધી રાખતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાંથી એક પરણિતાને ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પુર્વ આયોજીત કાવતરૂં રચી પરણિતાનું અપહરણ કરી કોઈક સ્થળે ગોંધી રાખતાં આ સંબંધે પરણિતાના પતિ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૭.૦૮.૨૦૨૧ના રોજ સવારના સાડા અગીયાર વાગ્યાના આસપાસ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક પરણિતાન કોઈ કામ અર્થે દેવગઢ બારીઆ બજારમાં આવી હતી. આ દરમ્યાન દેવગઢ બારીઆ તાલુકાના દુધિયા ગામે નદી ફળિયામાં રહેતાં ભુપતભાઈ ગલાભાઈ રાઠવા, મુકેશભાઈ ભુપતભાઈ રાઠવા, પરસોત્તમભાઈ મોહનભાઈ રાઠવા અને હિંમતભાઈ નવલસિંહ રાઠવાનાઓએ પરણિતાનું અપહરણ કરી કોઈક જગ્યાએ ગોંધી રાખી હતી.

આ સંબંધે પરણિતાના પતિએ ઉપરોક્ત ચારેય જણા વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા શહેરના સ્ટેટ સમયકાળના કુવા અને વાવોની સાફસફાઈ કરવામાં આવશે ખરી ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા ઐતિહાસીક શહેર છે. જેમાં રજવાડી સમય દરમ્યાન જનતા માટે અનેક કુવા–વાવના ખોદકાર્યો કરવામાં આવ્યા હતા. જે હાલમાં અવવડ હાલતમાં છે. જેમાં પાણી તો ફુલ છે પરંતુ તે વાપરવા લાયક નથી. જો તેને સાફ સફાઈ કરી દેવાય તો તેનું પાણી પીવા માટે તો નહિ પણ કપડાં તથા વાસણ તેમજ અનેક બીજા બાંધકામ કાર્યમાં વાપરી શકાશે જેથી તે અવાવરૂ કુવાઓની વહેલી તકે સાફ–સફાઈ કરવામાં આવે તો હાલમાં વરસાદની અછત છે અને હાલ સુધીમાં ૨૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે. તે આખા વર્ષ માટે પુરતો નથી. જેથી આવતા ઉનાળામાં પાણીની અછત સર્જાતા પહેલા આ શહેરનો ઐતિહાસિક ધરોહર કુવા–વાવને સાફ–સફાઈ કરી દેવામાં આવે તો તેનું પાણી અછતના સમય દરમ્યાન ઉપયોગમાં લઈ શકશે. ઓગસ્ટ માસમાં સરેરાશ મોનસુનનું વરસાદ ૨૫ ઈંચ પહોંચતું હોય છે. હાલમાં ૨ ઈંચ થવા પામ્યો છે. જેના ઉપર થી આવતા વર્ષે આપણને પાણીની તકલીફ રહેવાની છે. તો શહેરના તમામ કુવમઓની સાફ–સફાઈ થાય તોવ પ્રયત્નો નગર પાલિકાના સત્તાધિશો હાલથી જ કામે લાગશે તો દે.બારીયાની આમ જનતાની પાણી અંગેની મુશ્કેલી નહિ પડેક્ડાણાનું પાણી પાણ આપણા તળાવ કે નદીમાં હાલ સુધી આવ્યું નથી. જેથી આપણા જુના પાણીનો સ્ત્રોતોનું જતન થાય તે જરૂરી થઈ પડ્યું છે.

## મોડલ સ્કુલ, લીમખેડા ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં આદિવાસી દિવસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

લીમખેડા,

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના યશસ્વી નેતૃત્વમાં રાજ્ય સરકારનાં પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે યોજાયેલા નવ દિવસીય સેવાયજ્ઞનાં નવમા દિવસે આદિવાસી દિવસ તરીકે રાજ્યભરમાં કાર્યક્રમ યોજાઇ રહ્યો છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ નવ તાલુકાઓમાં આદિવાસી દિવસનો કાર્યક્રમ યોજાયો છે. જેમાં લીમખેડા તાલુકામાં સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સાંસદએ આદિવાસીઓનાં ગૌરવવંતા ઇતિહાસને યાદ કર્યો હતો અને ઉપસ્થિતી લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત મંજૂરી પત્રો એનાયત કરાયા હતા.



તસ્વીર : અરર્જૂન ભરવાડ, લીમખેડા

આદિવાસી દિવસના ઉપલક્ષમાં યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ ભાભોરે જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીનાં નેતૃત્વમાં રાજ્ય સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કામાં રૂ. ૧ લાખ કરોડની ફાળવણી કરીને તેમણે આદિવાસી બંધુઓના વિકાસ માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૬૦ હજાર કરોડ ખર્ચીને અંબાજી થી ઉમરગામ સુધીનાં આદિવાસી વિસ્તારોનાં સર્વાંગી વિકાસ કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, વિશ્વ આદિવાસી દિવસે રાજ્યનાં ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે અને મુખ્યમંત્રી આદિવાસી બંધુઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત કરશે. તેમજ રૂ.૧૨૨૨ કરોડનાં ખર્ચે ૭૦ કામોના ખાતમુહૂર્ત અને રૂ. ૪૮૭ કરોડનાં ૧૯૯ વિકાસ કામોનું લોકાર્પણ કરશે. રાજ્ય સરકાર આદિવાસીઓના શૈક્ષણિક, સામાજિક, આર્થિક ઉન્નતિ માટે સતત કાર્યરત છે તે આદિવાસી વિસ્તારોના વિકાસ થકી પ્રત્યક્ષ દેખાઇ રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી તત્કાલિન મુખ્યમંત્રી હતા. ત્યારે વનબંધુ યોજનાની શરૂઆત કરાવીને આદિવાસીબંધુઓના વિકાસનો પાયો નાખ્યો હતો. મુખ્યમંત્રી પણ તેમના પદચિહ્નો પર ચાલીને આદિવાસીઓના વિકાસ માટે અનેક યોજનાઓના અસરકારક અમલીકરણ થકી આદિવાસી વિસ્તારોનો દરેક ક્ષેત્રોમાં વિકાસ સાધ્યો છે.

આ અવસરે લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોરે બિરસા મૂંડા ભગવાન અને આઝાદીનાં ઇતિહાસમાં આદિવાસી નરબંકાઓની શહાદતને યાદ કરી હતી.

કાર્યક્રમમાં મહાનુભાવોએ વિવિધ યોજનાઓ અંતર્ગત ૧૨ આદિવાસી લાભાર્થીઓને મંજૂરીપત્ર એનાયત કર્યા હતા.

રાજપીપળા ખાતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમનાં જીવંત પ્રસારણને ઉપસ્થિતોએ રસપૂર્વક નિહાળ્યો હતો.

આ વેળાએ તાલુકા પંચાયતના પ્રમુખ શર્મીબેન જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શરતનભાઇ ચૌહાણ, જિલ્લા પંચાયતનાં કૃષિસિંચાઇ સમિતિના ચેરમેન રમીલાબેન, પ્રાંત અધિકારી રાજ સુથાર, તાલુકા વિકાસ અધિકારી ફતેસિંહ, લીમખેડા મોડલ સ્કુલનાં સોનલબેન પટેલ અને આચાર્ય ગોપીકુમાર સહિતનાં અધિકારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

## જૂનું ગોદડું


જીજ્ઞા કપુરીયા (નિયતી)

તમારા લકઝરીયસ આવાસનાં
સ્ટોરેજમાં એક જૂનું ગોદડું
ગડીવાળીને રાખી મૂકી રાખજો.
જેમાં તમારી માતાએ તમારા જ
સ્વજનોનો જૂનાં કપડાં કાપી,
ગોઠવીને તમારી પતંગની દોરની
રઝળતી લચ્છીનાં દોરા વડે,
કામગરા હાથથી એનાં ટેભાં
લીધાં હશે,
એની ખોળ સીવી હશે પોતાના
જૂનાં સુતરાઉ સાડલામાંથી,
જેનાં પાલવને ગોદડું શોભે એમ ગોઠવ્યો હશે,
એ પાલવમાં કેટલીય યાદો સંડોવી હશે.....

એ પાલવ,
જે તમારાં ઈષ્ટ માટે ઈષ્ટદેવ સામે પથરાયો હશે.....

એ પાલવ,
જેની નીચે સંતાડીને માતાએ તમને અમૃત પાયું હશે.
ને પછી દુધિયાંહોઠ લૂછી આપ્યાં હશે......

એ પાલવ,
જેનાં છેડે બાંધેલો રૂપિયો તમને ભમરડો ખરીદવા મળ્યો હશે અને
જેની નીચે તમને પિતાના રોષથી બચવા શરણું મળ્યુ હશે.....

એ પાલવ,
તમે પડી આખડીને આવ્યાં હશો ત્યારે તમારા ધૂળ મિશ્રિત આસું
લૂછ્યાં હશે ને છાનામાનાં પોતાની આંખમાં આવેલ અશ્રુ પણ લૂછી
લીધું હશે....
તમારા લક્ઝરીયસ બ્લેન્કેટમાં જયારે અનિદ્રા સતાવેને મારા વ્હાલાં
ત્યારે એ પાલવવાળા ભાગને તમે છાતી નજીક રાખીએ ગોદડું ઓઢી
તો જોજો.
તમને એક નાના બાળક જેવી મીઠી ઊંઘ આવી જશે...

## દાહોદના કોટડા બુઝર્ગ ગામે ચાર ઈસમો એ જમીનની તકરારમાં ગોફણ અને લાકડીઓ હુમલો કર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના કોટડાબુઝર્ગ ગામે જમીન સંબંધી મામલે ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડીઓ, ગોફણો, હાથમાં પથ્થરો લઈ ધસી આવી ચાર જેટલા વ્યક્તિઓને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી ટોળું નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

તા.૦૮.૦૮.૨૦૨૧ના રોજ કોટડાબુઝર્ગ ગામે માળ ફળિયામાં રહેતાં કનુભાઈ રામસીંગભાઈ મોહનીયા તથા તેમના પરિવારજનો પોતાના ખેતરમાં ખાતર મુકવા માટે ગયાં હતાં. આ દરમ્યાન જોરસીંગભાઈ અનંતીભાઈ ડામોર, મુકેશભાઈ કાનજીભાઈ ડામોર, માજુભાઈ મનસુખભાઈ માવી અને કાંતીભાઈ સુરસીંગભાઈ ડામોર (રહે. ભીટોડી અને મંડાવાવ, તા.જિ.દાહોદ) નાઓએ ત્યાં આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, ખેતર અમારૂં વેચાણ લીધેલ છે, અમારા ખેતરમાં ખાતર કેમ મુકો છો, તેમ કહેતાં કનુભાઈએ કહેલ કે, ખેતરના ખાતેદાર અમે છીએ, જમીનમાં અમારૂં નામ છે, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને છુટ્ટા પથ્થરા તેમજ ગોફણોમાંથી પથ્થરો મારી જોરસીંગભાઈ, મયુરભાઈ, સબુરભાઈ અને અર્જુનભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

આ સંબંધે ઈજાગ્રસ્ત કનુભાઈ રામસીંગભાઈ મોહનીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રાવણના પહેલા સોમવારે દાહોદના શિવાલયોમાં ભકતો ઉમટી પડયા

દાહોદ,

પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થઈ ગયો છે. આજના પ્રથમ સોમવારના દિવસથીજ શરૂ થયેલ શ્રાવણ માસના પગલે દાહોદના શિવ મંદિરોમાં ભક્તો મોટી સંખ્યામાં પૂજા – અર્ચના કરવા પહોંચી ગયા હતા. શ્રાવણ માસનો આખો મહિનો ભકતો દ્વારા ઉપવાસ તેમજ શિવજીની ભકિતભાવ કરી ભગવાન શિવને રીઝવવાનો પ્રયાસ કરશે.

આજે સોમવારના દિવસથી શ્રાવણ માસના પવિત્ર મહિનો શરૂ થયો છે. દાહોદ શહેરમાં આવેલ શિવમંદિરો ખાતે વહેલી સવારથી જ શિવ ભક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોવા મળી હતી. દાહોદ શહેરમાં આવેલ વૈજનાથ મહાદેવ મંદિર સહિત શહેરના અનેક શિવમંદિરો ખાતે શિવ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. શ્રાવણ માસનો આખો મહિનો શિવ ભક્ત દ્વારા ઉપવાસ કરી શિવજીની પૂજા આરાધના કરવામાં આવશે. દાહોદ શહેરના શિવમંદિરોને ભવ્ય રોશનીથી શણગારી દેવામાં આવ્યા છે. સવાર તેમજ સાંજે દર્શન માટે શિવભક્તોની લાંબી લાઈનો પણ નિજ મંદિરોમાં જોવા મળશે. આજે સોમવારના પ્રથમ દિવસે જ શહેરમાં આવેલ શિવમંદિરો ખાતે શ્રદ્ધાળુઓએ શિવજીના શિવલિંગ ઉપર દૂધ, દહીં, બિલિપત્ર સહિતની પૂજા – અર્ચના પણ કરવામાં આવી હતી. દાહોદ તાલુકાના નજીક આવેલ પર્યટક તેમજ દેવસ્થાન એવા કાળી ડેમ ખાતે પણ આજે લોકો ઉમટી પડ્યા હતા. કાળી ડેમ ખાતે દર વર્ષે શ્રાવણ માસ દરમિયાન આખો મહિનો મેળો પણ ભરાતો હતો ત્યારે છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે આ મેળો ભરાતો ન હતો. આમ, હવે શ્રાવણ માસનો શિવભક્તો દ્વારા ઉપવાસ તેમજ આરાધના કરી ઉજવવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 297

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


### પંચમહાલના નાદરખા ચીમનાપુરાના

# ખેડૂતોને છેલ્લા દોઢ થી બે વર્ષ થી વીજ પુરવઠો પૂરતો ન મળતા કફોડી હાલત

- નાદરખા ચીમના પુરા ગામ ના ખેડૂતો ના ભાગ નો વીજ પુરવઠો ક્યાં વપરાય છે તે તપાસ નો વિષય.
- MGVCL દ્વારા ખેડૂતો ને આપવામાં આવતો વીજ પુરવઠો અન્ય જગ્યાએ વાપરવામાં આવે છે કે કેમ તે તપાસ નો વિષય.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

એક તરફ સરકાર દ્વારા ખેડૂતો ને રાત્રે ઉજાગરા ન કરવા પડે અને દિવસ દરમિયાન આઠ કલ્લાક પૂરતો વીજ પુરવઠો મળી રહે અને વધુ બે કલ્લાક વધારે વીજ પુરવઠો મળે તે માટે સરકારે ખેડૂતો માટે સૂર્યોદય યોજના અમલમાં મુકી છે. ત્યારે પંચમહાલ જિલ્લાના વેજલપુર સબડિવિઝન પાસે આવેલા ગામો જે વેજલપુર થી માત્ર ચાર થી પાંચ કિલોમીટર દૂર હોવા છતાં નજદીકના ખેડૂતોને પંદર થી સોળ કિલોમીટર જેટલા દૂર થી ગોધરા થી આવતો વીજ પુરવઠાની લાઈન માંથી નાદરખા અને ચીમનાપુરાના ખેડૂતોને ખેતીનો વિજ પૂરવઠો આપતા ઘણા વર્ષો થી ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો મળતો નથી. જેથી નાદરખા અને ચીમનાપુરાના ખેડૂતો એ ગોધરા MGVCL ના જુનિયર ઈજનેર એસ.એસ.પટેલને લેખિતમાં ખુલ્લા શબ્દોમાં જણાવેલ કે આઠ કલ્લાક પૂરતી વીજળી મળતી નથી અને ખેડૂતો ફોન દ્વારા કમ્પ્લેન કરવામાં આવે છે. તેમ છતા કમ્પ્લેન નોંધવામાં આવતી નથી અને ઘણીવાર ફોન ઉપર ઉડાવ જવાબ આપે છે કે ઝાડ પડી ગયા છે. જમ્પર બળી ગયા છે. તેવા જવાબો આપી ફોન કાપી નાખવામાં આવે છે. જેથી નાદરખા ગામ અને ચીમનાપુરા ગામના ખેડૂતોઓએ લેખિત માંગ કરી છે કે, અમો ખેડૂત લોકોને નજદીકમાં આવેલ કાલોલ તાલુકાના વેજલપુર સબ સ્ટેશનમાં વીજ પુરવઠો ટ્રાન્સફર કરી આપવા માંગ કરી છે.

પંચમહાલ જિલ્લાના નાદરખા અને ચીમનાપુરાના ખેડૂતોને વીજ પુરવઠો ન મળતો હોવાથી મુશ્કેલીઓ વેઠી રહયા છે. પંચમહાલના મોટાભાગે ખેતી વ્યવસાય કરી જીવન જીવી રહેલા ખેડૂતોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. એક તરફ ચોમાસામાં વરસાદ વિલંબ થતા ખેતરોના કુવાના પાણીના સ્થળ ખુબજ નીચે ગયા છે અને બીજી બાજુ MGVCL દ્વારા પુરતો વીજ પુરવઠો પણ ન મળતા ખેડૂતોની ચિન્તામાં વધારો થયો છે અને ગોધરા MGVCL માં વારંવાર રજુઆત કરી હોવા છતાં તો પણ ખેડૂતોને વીજ પુરવઠો પૂરતો મળતો નથી. જેથી હવે જોવું રહયું કેટલા સમયમાં ખેડૂતોની સમસ્યાઓ દૂર થશે કે પછી જેસા થા વેસા હી ચલતા રહેગા.

> પંચમહાલના નાદરખા અને ચીમનાપુરા ગામના ખેડુતોને વીજ પુરવઠો પુરતો મળતો નથી. હાલ ચોમાસાનો વરસાદ ખેંચાઈ ગયો છે. જેને લઈ ખેતરોમાં પાક સુકાઈ રહ્યા છે, પરંતુ રેગ્યુલર અને ૮ કલાક પુરતો વિજ પુરવઠો ન મળવાથી ખેડુતો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે.

> પંચમહાલના નાદરખા અને ચીમનાપુરા ગામે જે વેજલપુર સબ સ્ટેશન થી પાંચ કિલો મીટર દુર આવેલ છે. તેમ છતાંય આ ગામોને ગોધરા વીજ મથક થી વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. તે પણ સરકાર દ્વારા જાહેરાત કરવા છતાં પુરા ૮ કલાક પણ વિજળી આપવામાં આવતી નથી. જો આ ગામોને વેજલપુર સબ સ્ટેશન માંથી વીજ પુરવઠો આપવામાં આવે તો નિયમીત અને વીજ પુરવઠો મળી શકે છે.

## પંચમહાલ જિલ્લામાં શ્રાવણના પ્રથમ સોમવારે શિવાલયોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે પંચમહાલ જિલ્લાના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તો ઉમટયા હતા. ભોલેનાથને રીઝવવા માટે દૂધ,જળ,પંચામૃત, મધના અભિષેક સાથે બિલીપત્ર ચઢાવી આરાધના કરી હતી. બમબમ ભોલેના નાદથી જિલ્લાભરના શિવાલયો ગુંજી ઉઠયા હતા. પૌરાણિક અને અતિપૌરાણિક સ્વયંભૂ શિવલીંગ ધરાવતા શિવાલયોમાં દેવાધિ દેવ ભોળાનાથ શિવજીની પૂજા અર્ચના આરાધના માટે શિવ ઉપાસકોની ભારે ભીડ જોવા મળી હતી. આમ, શ્રાવણના પ્રથમ સોમવારે શિવાલયોમાં આવેલ શિવલીંગ બિલીપત્રથી છવાઈ ગયા હતા. દેવાધિ દેવ ભોળાનાથ શિવજીને રીઝવવા અને પૂજા અર્ચના ઉપાસના માટે પવિત્ર શ્રાવણ માસનું અનેરું મહત્વ છે. ત્યારે શ્રાવણ માસના પ્રથમ સોમવારે ગોધરા શહેર સહીત જીલ્લામાં આવેલા મહાદેવ મંદિરોમાં વહેલી સવારથી ભક્તો ઉમટયા હતા. જિલ્લાભરમાં આવેલ શિવાલયોમાં ભૂદેવો મંત્રોચ્ચાર સાથે દૂધ, જળ, પંચામૃત, મધના અભિષેક સાથે બિલીપત્ર ચઢાવી શિવ ઉપાસકો ધન્યતા અનુભવી રહ્યા છે. વહેલી સવારથી જ ઓમ નમઃ શિવાયના નારાઓથી શિવાલયો ગુંજી ઉઠયા હતા. ધૂપ, દીપ, નેવેદ્ય ચઢાવી દેવાધિદેવની શ્રદ્ધાપૂર્વક શિવ ઉપાસના, પૂજા,અર્ચના કરી ધન્ય બન્યા હતા. આમ શ્રાવણના પ્રથમ સોમવારે જિલ્લામાં આવેલ શિવાલયોમાં શિવ ઉપાસકો અને ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

## હાલોલ કોગ્રેસ દ્વારા બેરોજગારોને રોજગારી અપાવવા અને મોંઘવારી દૂર કરવાના નારા સાથે વિરોધ પ્રદર્શન અને આવેદનપત્ર આપ્યું


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

ગુજરાત રાજ્યમાં વધી રહેલી બેરોજગારી અને ખાસ કરીને હાલોલ વિધાનસભા વિસ્તાર હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડા ના બેરોજગાર યુવાનોને હાલોલ જીઆઈડીસી વિસ્તારમાં સ્થાનિકોને રોજગારી મળે તેના અનુસંધાનમાં રાજ્યપાલ ને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વધુમાં વધી રહેલી મોંઘવારી જેમકે પેટ્રોલ-ડીઝલ અને ગેસનો ભાવ વધારો ખાદ્ય-સામગ્રી તેલના ભાવમાં ભડકો જે આજના ગરીબ અને મધ્યમવર્ગને બિલકુલ પોસાય તેમ નથી. તેના વિરોધમાં પણ મામલતદાર કચેરી બહાર વિરોધ પ્રદર્શન અને ધરણાંનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. એક અનોખા અભિગમ સાથે રસ્તા ઉપર ચૂલો સળગાવી કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા મોંઘવારી અને બેરોજગારી બંનેનો સમાવેશ કરી એક અલગ જ પ્રકારનો વિરોધ કરવામાં આવેલો હતો. સ્થાનિક બેરોજગારોને રોજગારી આપો, મોંઘવારી દૂર કરો, અને નિષ્ફળ ભાજપ અને રૂપાણી સરકાર વિરોધ સૂત્રોચ્ચાર સાથે આજનો કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા.

જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભટ્ટી, માજી મંત્રી ઉદેસિંહ બારીયા, હાલોલ તાલુકા પ્રમુખ ગજેન્દ્રસિંહ પરમાર,હાલોલ શહેર કોંગ્રેસ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ, હાલોલ મહિલા પ્રમુખ ભારતીબેન દરજી, પ્રદેશ મહામંત્રી ગુજરાત યુવક કોંગ્રેસ ગુરૂરાજસિંહ ચૌહાણ, હાલોલ મહામંત્રી કિરીટભાઈ દરજી, જીલ્લા મહામંત્રી સ્નેહ રશ્મિકાંત, યુથ કોંગ્રેસ પ્રમુખ હિમાંશુ દલવાડી, તાલુકા સદસ્ય મહેશભાઈ રાઠવા, આદિજાતિ મહામંત્રી રામાભાઇ રાઠવા, આઈટી સેલના એજાજ શેખ અને અનીશ ખત્રી, ફતેસિંહ રાઠોડ, રમણભાઈ, શેવજીભાઈ શહીત આગેવાનોએ હાજરી આપી હતી. બેરોજગારી અને મોંઘવારીના વિરોધમાં રસ્તા ઉપર વિરોધ કરનાર ૬ જેટલા કાર્યકર્તાઓની હાલોલ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જેમાં હાલોલ શહેર કોંગ્રેસ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ, હાલોલ મહિલા પ્રમુખ ભારતીબેન દરજી, ગુરૂરાજસિંહ ચૌહાણ પ્રદેશ મહામંત્રી ગુજરાત યુવક કોંગ્રેસ, હાલોલ મહામંત્રી કિરીટભાઈ દરજી, આદિજાતિ મહામંત્રી રામાભાઈ રાઠવા શહીત કાર્યકર્તાઓની હાલોલ ટાઉન પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

## ગોધરા શહેરમાં વિશ્વ આદિવાસી દિવસની સાદાઈથી ઉજવણી કરવામાં આવી



ગોધરા,

કોરોના મહામારીના કારણે આ વર્ષે પણ સમસ્ત તહેવારોની ઉજવણી શક્ય બની નથી. ત્યારે આજ વિશ્વ આદિવાસી દિવસ હોઈ ગોધરા શહેરમાં વસતા આદિવાસી સમાજના ભાઈઓ અને બહેનોએ વિશ્વ આદિવાસી દિવસની સાદાઈથી ઉજવણી કરી હતી. જેમાં આદિવાસી સમાજ દ્વારા ભૂરાવાવ વિસ્તારમાં આવેલી વ્રજધામ સોસાયટી ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજ્યો હતો. ત્યારબાદ સમાજના પાંચ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તદ્દઉપરાંત ૫૦ થી વધુ નાના બાળકોને નોટ પેનનું વિતરણ કર્યું હતું. ગોધરા શહેરમાં વસતા આદિવાસી સમાજે કોરોના મહામારીમાં જેઓએ પોતાના વ્હાલ સોયા સ્વજનોને ગુમાવ્યા છે. તેઓને શ્રદ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

## શહેરાના મરડેશ્વર મંદિર ખાતે શ્રાવણ માસમાં સવાલાખ પાર્થેશ્વર શિવલિંગની સ્થાપના કરવામાં આવી



શહેરા,

વર્તમાન સમયમાં ફેલાયેલી કોરોના મહામારી જલ્દીથી ખતમ થાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે પાર્થેશ્વર શિવલિંગની સ્થાપના કરવામાં આવી. છેલ્લા બે વર્ષથી સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. વિશ્વમાં મહામારીના કારણે લાખોની સંખ્યામાં લોકો મોત ને ભેટ્યા છે અને હવે પાછી કોરોનાની ત્રીજી લહેર કેટલાક દેશોમાં ચાલુ થઈ હોવાની ખબર છે. તો બીજી તરફ વિશ્વમાં દેશો દેશો વચ્ચે સીમા વિવાદને કારણે, આતંકવાદના કારણે કે પછી અન્ય કારણોસર તંગદિલી પ્રસરી રહી છે. ત્યારે શ્રાવણ માસના પ્રારંભે સોમવારના શુભગ સમન્વય સાથે શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા શહેરાના ખ્યાતિપ્રાપ્ત મરડેશ્વર મંદિર ખાતે સમગ્ર શ્રાવણ માસ દરમિયાન સવાલાખ પાર્થેશ્વર શિવલિંગની સ્થાપના બ્રાહ્મણ દ્વારા સ્થાપિત કરાવામાં આવ્યા છે. જેમાં રોજ સાડા ચાર હજાર પાર્થેશ્વર શિલિંગની સ્થાપના કરવામાં આવશે અને સૂર્યાસ્ત પછી વિસર્જિત કરવામાં આવશે. લુણાવાડાના શાસ્ત્રી દિલીપભાઈ પંડ્યા જણાવે છે કે, અઠવાડિયાના સાત દિવસ દરમિયાન નાગપાશ યંત્ર,ત્રિકોણ મંગળ, કાચબો કૂર્મ, ચોરસ ગુરૂમહારાજ,તારા, ધનુષબાણ અને સૂર્યનારાયણની રીતે પાર્થેશ્વર શિવલિંગને આકાર આપી સ્થાપિત કરવામાં આવશે. સોમવારના પ્રથમ શ્રાવણના દિવસે પાર્થેશ્વર શિવલિંગ ના દર્શનનો શિવભક્તોએ લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

## શહેરા તાલુકાના વાઘજીપુર ગામે આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ પંચાયત બિલ્ડીંગનું લોકાપર્ણ કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના વાઘજીપુર ગામ ખાતે એક કરોડના ખર્ચે નવિન બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ પંચાયત નું લોકાર્પણ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ના વરદ હસ્તે ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરાયું હતું. નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનતા ૬ જેટલા ગામોના લોકોમા ખુશીની લહેર છવાઈ હતી. શહેરા તાલુકાના વાઘજીપુર ગામ ખાતે ૮૫ લાખ રૂપિયાના ખર્ચે નવિન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૧૪ લાખ રૂપિયાના ખર્ચે ગ્રામ પંચાયત ઘર તૈયાર થઈ જતા સોમવારના રોજ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ એ તાલુકા પંચાયત સભ્ય ઉદેસિંહ બારીયા, જિલ્લા પંચાયત કારોબારી અદયક્ષ દુધાભાઈ બારીયા તાલુકા, ભાજપ તાલુકા પ્રમુખ મગનભાઈ પટે લીયા, ભાજપ ઉપપ્રમુખ ભૂપતસિંહ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ભરતભાઈ ગઢવી ડોક્ટર હાર્દિક જાદવ તેમજ ગ્રામજનો અને આરોગ્ય અધિકારી સહિત સ્ટાફની ઉપસ્થિતીમાં નવિન બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ પંચાયત ઘરનું રીબીન કાપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી એક કરોડ રૂપિયાની ગ્રાન્ટમાં નવિન બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ પંચાયત ઘર વિવિધ સુવિધાથી સજ્જ છે. ગ્રામજનોને વધુ સુવિધા સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ પંચાયત ઘર નવીન બનતા ગ્રામજનોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી.

## ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં ગૌમાંસ વેચવાના ગુનામાં વોન્ટેડ ૧૧ આરોપીને પોલીસે ઝડપ્યા




ગોધરા,

ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ગૌમાંસનો જથ્થો અને મટન કાપવાના સાધનો મળી ૧,૮૨,૬૪૫/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. અને આ ગુનામાં ૧૧ આરોપીઓ નાસતા ફરતા વોન્ટેડ હતા. અને તમામ આરોપી પોતાના ઘરે હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી અને રેઈડ દરમિયાન ૧૧ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બી ડીવીઝન વિસ્તારમાં કેટલાક ઈસમો પાટલા ઉપર બેસીને ગૌમાંસનું વેચાણ કરતા હોય તે સ્થળે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન આરોપીઓ નાશી છુટીયા હતા. પોલીસ સ્થળ ઉપર થી ૩૨૫ કિલો ગૌમાંસનો જથ્થો તેમજ મટન કાપવાના સાધનો મળી ૧,૮૨,૬૪૫/-રૂપીયાનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો અને ૧૧આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી હતી. તેવા વોન્ટેડ અને નાસતા ફરતા અરોપીઓ અંગે પોલીસને બાતમી મળી હતી કે, હાલ તમામ આરોપીઓ પોતાના ઘરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી અને અફસા, ઈલીયાસ હુસેન ઘંત્યા, મેમુન સુલેમાન મોહમંદ ભાગલીયા, ખૈરુનિયા સાદ્દીક આદમ હઠીલા, ફાતીમાબીની હુસેન હાજી, અબ્દુલ સત્તાર, મહેફુજા અહમેદ હુસેન યાકુબ હયાત, ઉમાની ઈસ્માઈલ અબ્દુલ મજીર ઓલીયા, નફીસા સાદ્દીક આદમ હઠીલા, કાસમ અબ્દુલ રહીમ સુરતી, સલમાન કાસમ સુરતી, જાવેદ મોહમંદ હનિફ અદા, ઈરફાન ઉર્ફે શેફી શોકતભાઈ અલીયાને ઝડપી પાડવામાં આવ્યો છે.

### વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૧

## પંચમહાલ જિલ્લામાં મોરા ખાતે કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયાની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો




ગોધરા,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથથી, સૌના વિકાસના હેઠળ છેલ્લા ૯ દિવસથી રાજયમાં વિકાસનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. જે શ્રેણીમાં આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ તાલુકાના મોરા અને ઘોઘંબા તાલુકાના કણબીપાલ્લી ખાતે પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરા ખાતે અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, કુટિર ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી વિભાગોના કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયાની અદયક્ષતામાં જનસમારોહ યોજાયો હતો. જેમાં કુંવરબાઈનું મામેરૂ, માનવ ગરિમા, મકાન સહાય-લોન સહાય સહિતની વિવિધ સહાય યોજનાના લાભાર્થીઓને સહાયનું તેમજ વન અધિકારપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કણબીપાલ્લી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ધારાસભ્ય, મોરવા (હ) નિમિષાબેન સુથાર અને ધારાસભ્ય કાલોલ સુમનબેન ચૌહાણે મુખ્ય અતિથીપદે ઉપસ્થિત રહી લાભાર્થીઓને સહાયનું વિતરણ કર્યું હતું.

મોરા ખાતેના કાર્યક્રમના અદયક્ષસ્થાનેથી કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયાએ વનબંધુઓને વિશ્વ આદિવાસી દિવસની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થતા છેલ્લા નવ દિવસથી સમગ્ર રાજયમાં પ્રજાલક્ષી કાર્યક્રમો યોજી સરકાર પોતે કરેલા વિકાસ કાર્યોનો હિસાબ જનતા સમક્ષ રજૂ કરી રહી છે. આ પ્રસંગે કરોડો રૂપિયાના નવા વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થયા છે, આ પ્રકારે સરકારની કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત વધુને વધુ લાભાર્થીઓને આવરી લેવા, વધુને વધુ લાભાર્થીઓ સુધી તેમને મળવાપાત્ર થતા લાભોની જાણકારી પહોંચાડવાનો એક પ્રયાસ થઈ રહ્યો છે. આ જ દિશામાં આજે આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી તાલુકાઓમાં જનલક્ષી કાર્યક્રમો યોજી વનબંધુઓને લાભો અપાઈ રહ્યા છે. રૂ. ૩૪૧ કરોડના ખર્ચે આકાર લેનારી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના ખાતમુહૂર્ત સહિતના કામો વિશે વાત કરતા મંત્રીએ આ કાર્યોથી ટ્રાયબલ વિસ્તારને થનારા લાભ વિશે જણાવ્યું હતું. આદિવાસી સમાજે દેશ માટે આપેલ અનેક બલિદાનોને યાદ કરતા તેમણે શહિદી વહોરનારા તમામ વીરોને વંદન કરી આદરાજંલિ પાઠવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈએ આદિવાસીસમાજના કલ્યાણ અર્થે વનબંધુ કલ્યાણ યોજના સહિત વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી, જેને હાલની સંવેદનશીલ સરકાર નવા વેગથી આગળ ધપાવી રહી છે તેમ જણાવતા મંત્રી રાદડિયાએ ઉમેર્યું હતું કે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ. ૯૦ હજાર કરોડના વિકાસકામો શરૂ કરાવ્યા હતા. જેને આગળ વધારતા વર્તમાન સરકાર દ્વારા વનબંધુ કલ્યાણ યોજના ફેઝ -૨ માં આગામી પાંચ વર્ષમાં રાજયના આદિવાસી વિસ્તારોમાં રૂ.એક લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવશે.

વનબંધુઓના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સરકાર કટીબધ્ધ છે. તેમ જણાવતા મંત્રીએ રાજયમાં ૧૫ ટકા વસ્તી આદિવાસી સમાજની છે. ત્યારે વિકાસની બાબતે આદિજાતિ સમાજ અન્ય સમાજની લગોલગ ઉભો રહી શકે તે માટે શરૂ કરાયેલ કરોડો રૂપિયાના વિકાસ કાર્યોના લીધે ટ્રાયબલ વિસ્તારમાં ખુબ ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. આદિજાતિ વિસ્તારમાં સરસ પાકા રસ્તાઓ, પીવાના પાણીની સુવિધા, બાળકોને ભણવા માટે શાળાના ઓરડાઓ, આરોગ્યની સુવિધાઓ આ સરકારે વિકસાવી છે. આદિવાસી સમાજની નવી પેઢી સુધી વિકાસના તમામ સુફળ પહોંચે તેવા ઉજ્જ્વળ વાતાવરણનું નિર્માણ કરવા, ગુજરાતની શાંત-સુરક્ષિત અને વિકસિત રાજ્ય તરીકેની વિકાસકૂચને યથાવત રાખવા માટે સહયોગ કરવા તેમણે સૌને અપીલ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મંત્રી સહિતના મહાનુભાવોનું પરંપરાગત આદિવાસી નૃત્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રીએ બિરસા મુંડા સહિતના આદિવાસી વીરોને પુષ્પાંજલિ પાઠવી હતી તેમજ દેવી-દેવતાઓનું આદિવાસી રીતરીવાજ અનુસાર પૂજન કર્યું હતું. જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ આદિવાસી દિવસની મહત્તા સમજાવવા સાથે સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ પ્રાયોજના વહીવટદાર એસ.કે. રાઠોડે આભારવિધી કરી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ અને જિલ્લા પંચાયત બાંધકામ સમિતીના ચેરમેન વિક્રમભાઈ ડિંડોળે પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી સહિત પંચાયતના પદાધિકારીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટિલ, નાયબ વન સંરક્ષક એમ. મીણા, પ્રાંત અધિકારી શહેરા જયકુમાર બારોટ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.